






# કાલસર્પ દોષ

## નારાયણ બલિ તેમ જ ગ્રહોના દોષ નિવારણ માટે કાલે શ્રેષ્ઠ બુધવારી અમાસ

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

12 ઓગસ્ટ 2026ને બુધવારે હરિયાળી અમાસ છે. પુષ્ય નક્ષત્ર છે. સૂર્ય ગ્રહણ છે. દર્શ અમાસ છે. આ દિવસે જન્માક્ષરમાં કાળસર્પ દોષ, પિતૃ દોષ અને ગ્રહોના કોઈ પણ દોષો હોય, તો તેની વિધિ કરાવવા માટે ઉત્તમ દિવસ છે. બુધવારે અમાસ હોવાથી તેને 'બુધવારી અમાસ' પણ કહે છે. દોષનિવારણ માટે આટલો શુભ સમય છે તો તેનો લાભ લઈને વિધિ-વિધાન કરાવીને જલદી સુખી થઈ જવું જોઈએ.

જીવનમાં 'બંધનો' અને 'દોષો'માંથી જલદીથી બહાર આવવું જોઈએ... તેથી ભારે જીવન સાવ... તદ્દન... હલકું લાગશે. જીવનમાં થોડાક રૂપિયા ખર્ચવાથી જો ભાર હલકો થઈ જતો હોય તો તે કરવું જોઈએ. લોકો સમજ વગર માથા ઉપર જન્મકુંડળીમાં દોષો ભરેલા ટોપલા લઈને ફરે છે... જ્યારે બીજી તરફ ભગવાન એ માથેથી ટોપલો ઉતારવા માટે આવા દિવસો આપે છે પરંતુ લોકો આંખ આડા કાન કરે છે અને આખી જિંદગી દુઃખી દુઃખી થાય છે... આખી જિંદગી રોદડાં રડયા કરે છે. કોઈ પણ સમસ્યાનો ઉકેલ ને સમાધાન આપણા ઋષિમુનિઓએ શાસ્ત્રમાં બતાવ્યું છે. તે સમય જોઈને તેનો લાભ લેવાથી જીવનનું, મનનું, દોષોનું સમાધાન થઈ જય છે. પરંતુ દોષોની વિધિ ગમે તે વ્યક્તિ પાસે કરાવવાથી તેનું પરિણામ જોવા ના મળે! આ બધા દોષોનો જાણકાર હોય તેમની પાસે જ વિધિ કરાવવાથી ફેર પડે છે. બાકી તમે જનમકુંડળીમાં ચાંડાલ યોગ વિષયોગ, કાલસર્પ યોગ, પિતૃદોષ બંધન દોષ વગેરેની વિધિ 100 વખત સામાન્ય જાણકાર પાસે કરાવો તો તમે જિંદગીમાં ત્યાં ને ત્યાં રહો!! તળાવ જેવું. તળાવ બંધિયાર હોય. પાણી વહેતું ના હોય તો લીલ બાઝી જાય અને તે લીલ પણ ગંધાવા માંડે! તેથી તમે જીવન બંધનમાં હોય તો તેમાંથી બહાર નીકળવાનું વિચારો. નદી વહેતી હોય છે, તો ત્યાં લોકો પવિત્ર સ્નાન પણ કરે છે!! ઘણાં લોકો જન્માક્ષર બતાવવા આવે છે. તેઓને જન્માક્ષર જોઈને શુભ યોગો અને અશુભ દોષો જણાવીએ છીએ.. ત્યારે તેઓ કહે છે કે અમે આ વિધિ કરાવી દીધી. પરંતુ એક વાર તાવ કે ઝાડા-ઉલટી થાય અને દવા લીધી હોય તે આખી જિંદગી ચાલે? ફરીથી એ રોગ ઊથલો મારે તો કહો છો કે મેં તેની દવા લીધી હતી? લોકોમાં સાચી સમજ ના હોવાથી જાતે જ દુઃખી થાય છે. ભલે પહેલાં તમે એ દોષોની વિધિ કરાવી હોય પરંતુ જીવનમાં રાહત કે થોડો ઘણો પણ ફરક ના પડતો હોય તો ગમે એટલી વિધિ કરાવો કે નંગ પહેરો તેનો કોઈ મતલબ નથી!!

હજુ પણ જાગ્રત થવાની જરૂર છે. જાગ્યા ત્યાંથી સવાર. આવતી કાલે જ અમાસ છે. તો તેની તક ઝડપીને સાચી પધ્ધતિથી વિધિ-વિધાન કરાવી લેવું જોઈએ. એક ભાઈ આવ્યા હતા. તેમણે પિતૃઓ માટે નારાયણ બલિ ત્રણ વખત કરાવી હતી. છતાં આખા ઘરમાં રોગચાળો દૂર થતો ના હતો. છોકરાં પણ ભણતાં ન હતાં. છોકરાની વહુને પણ ઘણાં વર્ષો થઈ ગયાં હોવા છતાં સંતાન થતાં ન હતાં... બીજી તરફ પૈસા ખરચી ખરચીને આર્થિક સ્થિતિ પણ કથળવા લાગી હતી. એટલે તેઓ મળવા આવ્યા હતા. મેં તેમને ફરી એક વખત ચાંણોદ ખાતે નારાયણ-બલિ-પંચબલિ કરાવવા લઈ ગયો હતો અને સંપૂર્ણ વિધિ-વિધાન કરાવી હતી. ત્યાર બાદ તેઓનો બે ત્રણ મહિનામાં જ ફોન આવ્યો કે, પહેલાં કરતાં ઘરમાં ઘણું સારું છે. ઘરમાં રોગો ભાગવા લાગ્યા. છોકરાઓનું ધ્યાન ભણવામાં લાગવા માંડ્યું છે.. અને ખુશીની વાત તો એ છે કે છોકરાની વહુને સારા દિવસો છે. આ ભાઈને જન્મ કુંડળીમાં કાલસર્પ દોષ, પિતૃદોષ ઉપરાંત ઘણા ગ્રહોથી દોષ થતા હતા તેથી તેનું બધું જ સમાધાન અને વિધિ-વિધાન ચાંણોદ નર્મદા નદીના કિનારે કરાવી દીધું. આજે તેઓ સુખી છે અને ટેન્શનમુક્ત જીવન જીવે છે. ખોટા દવા પાછળ ખર્ચા પણ બંધ થઈ જવાથી આર્થિક સ્થિતિ સુધરતી જાય છે!!

12 ઓગસ્ટ 2026ને બુધવારે અમાસની તિથિની શરૂઆત સવારે 01:53 વાગ્યાથી થશે અને તેનું સમાપન રાત્રિ 11:06 વાગ્યે થશે. આ દિવસે હરિયાળી અમાસનું પર્વ ઉજવાશે.

**મુખ્ય ધાર્મિક કાર્ય અને મહત્ત્વ**

**પિતૃતર્પણઃ** પૂર્વજોની શાંતિ માટે પાણીમાં કાળા તલ મેળવીને તર્પણ અને પિંડદાન કરવામાં આવે છે. જો આ ક્રિયા ના ફાવતી હોય તો કોઈ જાણકાર બ્રાહ્મણ પાસે કરાવવું.

**વૃક્ષારોપણઃ** આ અમાસ પ્રકૃતિ અને હરિયાળીને સમર્પિત હોય છે. એટલા માટે આ દિવસે છોડ-વૃક્ષ લગાડવામાં આવે છે.

**શિવપૂજાઃ** ભગવાન શિવનો અભિષેક અને પૂજન કરવું ઘણું શુભ માનવામાં આવે છે.

દાન-પુણ્યઃ આ દિવસે જરૂરિયાતમંદોને અનાજ, ફળ અને વસ્ત્રોનું દાન કરવામાં આવે છે. આ દિવસે એક ખગોળિય ઘટનાના રૂપે સૂર્ય ગ્રહણ થશે. પણ તે ભારતમાં દેખાશે નહીં.

# રાશિ અનુસાર શિવપૂજા

## કઇ રાશિનો કયો અભિષેક મંત્ર અને ઉપાય કરવો જોઈએ?



**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

દરેક શ્રાવણમાં મારી પાસે સૌથી વધારે પ્રશ્ન આવે છે... કે 'મારી રાશિના હિસાબે શિવજીની પૂજા કેવી રીતે કરું કે જેનાથી મને પૂરું ફળ મળે?' અને આ પ્રશ્ન બિલકુલ સાચો છે.

ભૂરાં તત્ત્વ શનિ માટે

વૈદિક જ્યોતિષ કહે છે કે, દરેક જાતકની પ્રકૃતિ તેની રાશિ અને રાશિ-સ્વામીથી બનેલી હોય છે. તો અભિષેકનું દ્રવ્ય પણ, જે તમારા ગ્રહ-સ્વભાવથી મેળ ખાય એ જ કેમ ના કરવું જોઈએ? આ લેખમાં તમને એવી જ વિધિ આપી રહ્યો છું જે 'રાશિ-સ્વામીના તત્ત્વ' અનુસાર અભિષેક સંપૂર્ણ શાસ્ત્રીય તર્કની સાથે જ થાય.

આ કોઈ મનઘડંત યાદી નથી. તેનો આધાર સીધો છે... દરેક રાશિના સ્વામી ગ્રહ છે અને દરેક ગ્રહનું પ્રિય તત્ત્વ દ્રવ્ય. જ્યારે તમે તમારા રાશિ-સ્વામીનું પ્રિય દ્રવ્ય મહાદેવજીને અર્પણ કરો છો, ત્યારે એક જ અર્ધ્યથી બે કામ થાય છેઃ શિવકૃપા અને સ્વામી ગ્રહની શાંતિ.

**મેષ રાશિ (સ્વામી મંગળ)**


ગોળમિશ્રિત પાણીથી અભિષેક કરો. લાલ ફૂલ અર્પણ કરો. મંગળનું તેજ ગોળની મીઠાશથી સંતુલિત થાય છે... ક્રોધ શાંત, સાહસ સ્થિર. આ વર્ષે તમારે સાડા સાતીનું પ્રથમ ચરણ ચાલી રહ્યું છે (શનિ મીનમાં), એટલા માટે પાણીમાં કાળા તલ પણ ભેળવવા. 'ૐ નમઃ શિવાય' 108 વાર અને દરેક સોમવારે શિવ ચાલીસાનો પાઠ કરવો.

**વૃષભ રાશિ (સ્વામી શુક્ર)**

તાજા દહીંથી અભિષેક કરવો. સફેદ ફૂલ અને ચોખા અર્પણ કરવાં. શુક્રનું શીતલ તત્ત્વ દહીંમાં છે - દામ્પત્ય સુખ અને વૈભવ - બંનેનાં દ્વાર ખૂલે છે. સોમવારનું વ્રત રાખો તો સફેદ વસ્ત્ર પહેરવાં. 'ૐ નમઃ શિવાય'ની સાથે શુક્રવારે પણ શિવાલયમાં જવું - તમારા માટે ડબલ યોગ છે.

**મિથુન રાશિ (સ્વામી બુધ)**

શેરડીના રસથી અભિષેક કરવો અને બિલીપત્ર વધારે ચઢાવવાં (ઓછામાં ઓછા 11). બુધનું હરિત તત્ત્વ શેરડી અને બિલી - બંનેમાં છે - બુદ્ધિ, તેજ, વાણી શુદ્ધ. 'બુધ' અત્યારે 'વક્રી' ચાલી રહ્યો છે, એટલા માટે આ શ્રાવણમાં તમારા માટે અભિષેકની સાથે મૌન-સાધના (10 મિનિટ) વિશેષ ફળદાયી છે. 'ૐ નમઃ શિવાય'નો માનસિક જાપ શ્રેષ્ઠ.




**કર્ક રાશિ (સ્વામી ચંદ્ર)**

કાચા દૂધનો અભિષેક કરવો. તમારી રાશિનો સ્વામી સ્વયં (પોતે) શિવના માથા ઉપર બિરાજમાન શિવજીના છે. એટલા માટે કર્કવાળા ઓનો જલાભિષેક સીધો મન સુધી પહોંચે છે. સફેદ ફૂલ, ચોખા અર્પણ કરવાં. અત્યારના સમયે 'ઉચ્ચનો ગુરુ' તમારી રાશિમાં જ છે - તમારા માટે શ્રાવણ આ દશકનો શ્રેષ્ઠતમ છે. સોમવારે વ્રત અવશ્ય રાખવું.

**સિંહ રાશિ (સ્વામી સૂર્ય)**

મધમિશ્રિત જળથી અભિષેક કરવો. લાલ કનેરનું ફૂલ અર્પણ કરવું. સૂર્યનો તેજ મધમાં છે - માન-પ્રતિષ્ઠા અને નેતૃત્વ નિખારે છે. 17 ઑગસ્ટથી સૂર્ય તમારી રાશિમાં પ્રવેશ કરશે, શ્રાવણનો ઉત્તરાર્ધ તમારા આત્મબળને વધારશે. અભિષેક બાદ 'ૐ નમઃ શિવાય' મંત્ર જાપ 108 વાર અને સૂર્યને અર્ધ્ય - બંને સાથે કરવા.

**કન્યા રાશિ (સ્વામી બુધ)**

શેરડીનો રસ અથવા દૂર્વા મિશ્રિત જળથી અભિષેક કરવો. બિલીપત્ર પર સફેદ ચંદનથી 'ૐ' લખીને અર્પણ કરવું, તે તમારા માટે વિશેષ છે... બુધની લેખનશક્તિ શિવને સમર્પિત છે. પાચન અને ચિંતામાંથી મુક્તિ માટે સોમવારના વ્રતમાં ફલાહાર હલકો લેવો. 'ૐ નમઃ શિવાય'ની સાથે બુધવારે પણ શિવનાં દર્શન કરવાં.

**તુલા રાશિ (સ્વામી શુક્ર)**

સુગંધિત જલ (અત્તર/ગુલાબજળ મિશ્રિત) થી અભિષેક કરવો. સફેદ ગુલાબી ફૂલ અર્પણ કરવાં. શુક્રનું સૌંદર્ય-તત્ત્વ 'સુગંધ'માં છે... તેથી તેનાથી સંબંધોમાં મીઠાશ અને નિર્ણયશક્તિમાં વધારો થાય છે. જે લગ્ન-ઉત્સુક હોય તેમના માટે શ્રાવણના ચાર સોમવારનું વ્રત સર્વશ્રેષ્ઠ ઉપાય માનવામાં આવે છે.

**વૃશ્ચિક રાશિ (સ્વામી મંગળ)**

પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર) થી અભિષેક કરવાથી મંગળની તીવ્રતાને પાંચેય દ્રવ્યોનું સંતુલન સાધે છે. લાલ ફૂલ અને બિલીપત્ર અર્પણ કરવું. ભાગ્યેશ ગુરુ ઉચ્ચનો થઈને તમારા નવમા ભાવમાં છે. આ શ્રાવણની કરવામાં આવેલી સાધનાનું ફળ બેગણું છે. 'ૐ નમઃ શિવાય'ની સાથે મંગળવારે હનુમાનજીનાં દર્શન પણ કરવાં.

**ધન રાશિ (સ્વામી ગુરુ)**

હળદરમિશ્રિત દૂધથી અભિષેક કરવો. પીળાં ફૂલ અને ચણાની દાળ અર્પણ કરવાં. ગુરુનું પિત્ત-તત્ત્વ હળદરમાં છે તેથી ભાગ્ય, લગ્ન અને સંતાન - ત્રણેય ભાવોને બળ મળે છે. તમારી રાશિનો સ્વામી ગુરુ 12 ઑગસ્ટ સુધી અસ્ત છે - એટલા માટે શ્રાવણનો પૂર્વાર્ધ ફક્ત ભક્તિમાં લગાડવો. મોટા નિર્ણયો 12 ઑગસ્ટ બાદ લેવા. ગુરુવારનું વ્રત કરો તો સ્વર્ણ-સંયોગ.

**મકર રાશિ (સ્વામી શનિ)**

કાળા તલમિશ્રિત ગંગાજળથી અભિષેક કરવો. શમી-પત્ર અને ફૂલ અર્પણ કરવાં. શનિનું તલ-સીધા મહાદેવને અર્પણ થાય છે, સ્વયં શિવ-શિષ્ય છે. એટલા મકર રાશિવાળાઓની શિવ-ભક્તિ શનિ-શાંતિનો સૌથી મોટો ઉપાય છે. 'ૐ નમઃ શિવાય'ની સાથે શનિવારે પીપળાના વૃક્ષ નીચે દીવો પણ પ્રગટાવવો.

**કુંભ રાશિ (સ્વામી શનિ)**

કાળા તલવાળાં જલથી અભિષેક કરવો અને જલની ધારા ધીમી - અખંડ રાખવી - શનિને નિરંતરતા પ્રિય છે. તમારી સાડા સાતીનું અંતિમ ચરણ પણ ચાલી રહ્યું છે... આ શ્રાવણ તેને વિદાય કરવાનો શ્રેષ્ઠ અવસર છે. ચારેય સોમવારનું વ્રત રાખવું અને 'ૐ નમઃ શિવાય'ની સાથે મહામૃત્યુંજય મંત્રનો જાપ (11 વાર જ બરાબર છે) કરવો.

**મીન રાશિ (સ્વામી ગુરુ)**

કેસરયુક્ત દૂધ અથવા પંચામૃતથી અભિષેક કરવો. પીળું ફૂલ અર્પણ કરવું. 'શનિ' આ સમય તમારી રાશિમાં જ છે. સાડા સાતીનું શિખર - અને શાસ્ત્ર એક સ્વરથી કહે છેઃ શિવ-શરણ જ શનિનો ઉત્તર છે. આ શ્રાવણ તમારા માટે વર્ષનું સૌથી મોટું કવચ છે. દરેક સોમવારે વ્રત, રુદ્રાભિષેક (સામર્થ્ય હોય તો) અને દરરોજ 'ૐ નમઃ શિવાય' 108 વાર - ત્રણેય નિયમથી.

સાડા સાતીવાળાઓ માટે વિશેષઃ

મેષ, કુંભ, મીન

'શનિ' આ સમયે મીન રાશિમાં છે. એટલે કે, મીન (માથેથી પસાર થાય), કુંભ (અંતિમ ચરણ) અને મેષ (પ્રથમ ચરણ) - ત્રણ રાશિઓ સાડા સાતીમાં છે. મારો અનુભવ છે કે સાડા સાતીમાં લોકો ઉપાયો માટે પાછળ ભાગે છે, જ્યારે શાસ્ત્રનું સીધું સૂત્ર છે - શનિ પોતાના આરાધ્ય મહાદેવના ભક્તને પોતે છાયા આપે છે. આ ત્રણ રાશિઓ માટે શ્રાવણ કોઈ સાધારણ માસ નથી... વાર્ષિક કવચ છે! ચારેય સોમવારનો ઉપવાસ, તલવાળો જલાભિષેક અને શક્ય હોય તો લઘુરુદ્ર કરાવવો. બસ, આ ત્રણ કામથી તમને સાડા સાતીમાં બિલકુલ તકલીફ નહીં થાય!

**શ્રાવણના દરેક રાશિ માટે ત્રણ નિયમો**

અભિષેક હંમેશાં ધીમી ધારાથી કરવો. શાસ્ત્રમાં 'ધારા' જ પૂજા છે, માત્રા નહીં.

2. બિલીપત્ર ઊલટુંના ચઢાવવું. ત્રણ પાંદડાંવાળું અખંડ બિલીપત્ર જ લેવાં.

3. શિવલિંગ પર તુલસી, કેતકી અને હળદર (પુરુષ-દ્રવ્ય હોવાથી કેટલીક પરંપરાઓમાં હળદર વર્જિત છે - પોતાની પરંપરા અનુસાર) નું ધ્યાન રાખવું.

4. વ્રત-ઉપવાસમાં અન્નથી વધારે વાણીનો સંયમ રાખવો. સોમવારે કોઈની નિંદા ન કરવી.

5. જે કંઈ પણ અર્પણ કરો... અંતમાં જલ અવશ્ય ચઢાવવું. આરંભ પણ જલ, અંત પણ જલ.

**અંતમાં ભોલેનાથને શું જોઈએ?**

આ આખી સૂચિ - સાધન છે, સાધ્ય નથી. મેં એવા ભક્ત પણ જોયા છે જે ફક્ત એક લોટા જળથી તે ઘણું બધું મેળવી શક્યા છે, જે મોટાં મોટાં આયોજનોથી નથી મળતું... કારણ કે મહાદેવ દ્રવ્ય નહીં, ભાવ જુએ છે. રાશિ અનુસાર દ્રવ્ય તમારા ગ્રહોને સાધે છે, પણ જો શિવને સાધવા હોય તો ફક્ત નિષ્કપટ મનથી. આ શ્રાવણ બંને સાથે કરોઃ દ્રવ્ય પણ, ભાવ પણ... હર હર મહાદેવ!

# કુંડળીમાં અમુક ગ્રહો વ્યક્તિને પ્રગતિ પણ કરાવે છે ને રાતોરાત રોડ પર લાવી દે છે

**જડીબુટ્ટી**
**નજુમી**

કુંડળીમાં ગ્રહો વ્યક્તિને ક્યાંથી ક્યાં લઈ જાય છે. ઘણી વાર અમુક સામાન્ય વ્યક્તિને ગ્રહોના કારણે અમુક લાઈન એવી હાથમાં આવી જતી હોય છે કે તે એકાએક પ્રગતિના પંથે ચઢતો જ જાય છે.

ઘણી એવી વ્યક્તિઓ પણ જોવામાં આવી છે કે જેની પાસે કશું જ ન હતું... પરંતુ અત્યારે તે કરોડપતિ છે. આ બધું ગ્રહોના કારણે થાય છે.

ગ્રહોના કારણે વ્યક્તિના જીવનમાં એવું પરિવર્તન આવે છે કે, તે ન્યાલ થઈ જાય છે. ઘણી વ્યક્તિઓની કુંડળી જોઈને પહેલાં જ કહી દીધું હતું કે ગ્રહોના કારણે તમારી પ્રગતિ ઘણી થશે.

કુંડળીમાં આ બધું ક્યારે બને છે કે, કુંડળીમાં ધનસ્થાન, સુખસ્થાન, ત્રિકોણ સ્થાન, દશમું સત્તા અને ધંધાનું સ્થાન મજબૂત હોય. તેના અધિપતિઓ સારી સ્થિતિમાં હોય ત્યારે વ્યક્તિના જીવનમાં એકાએક પ્રગતિ થાય છે અને તમામ રીતે સુખી થાય છે. ગમે તેટલી મંદી હોય કે નાણાંકીય મુશ્કેલીઓ વગેરે બજારમાં કે ધંધામાં આવે છે, છતાંય અમુક વ્યક્તિઓના ગ્રહો એવા હોય છે કે ખૂબ જ એકાએક પ્રગતિ થાય છે અને રાતોરાત કરોડપતિ થઈ જાય છે.

હમણાં શૅરબજારમાં ઘણી બધી મોટી વ્યક્તિઓની કુંડળીમાં પહેલાં જોઈને કીધું હતું કે, શૅરબજારમાં બહુ જોખમ કરવું નહીં... જે તમારા ધંધામાં મળે છે તેમાં જ સંતોષ માનવો... પરંતુ ગ્રહો બુદ્ધિ બગાડે છે અને એ તરફ લઈ જાય છે. અત્યારે તે લોકોને બધું વેચવાનો વખત આવ્યો છે અને દેવાદાર બની ગયાં છે. આ વાત હકીકતમાં બની છે. એટલે કહેવાનો મતલબ એ જ કે ગ્રહો તો ગ્રહોનું કામ કરે જ છે. ગ્રહો એકાએક મુશ્કેલી લાવે છે.

કુંડળીમાં ખાસ જોવામાં આવ્યું છે કે જે લોકો શૅરબજારમાં પાયમાલ થઈ ગયા છે તેમની કુંડળીમાં બીજા, ચોથા ને બારમા સ્થાનમાં 'રાહુ' જોવામાં આવ્યો છે. તથા સૂર્ય-શનિ, શનિ-રાહુ, મંગળ-રાહુ તથા સૂર્ય-મંગળની યુતિ જોવામાં આવી છે.

ઘણી કુંડળીઓમાં કાળસર્પ યોગ, શનિ-ચંદ્રનો વિષયોગ અને ગુરુ-રાહુનો ચાંડાલ યોગ જોવામાં આવ્યો છે અને આ લોકોને પહેલાં સલાહ પણ આપવામાં આવી છે કે, યોગ્ય વિધિ કરાવો. નડતા ગ્રહનું નંગ ધારણ કરો તો મુશ્કેલીમાંથી બચાવ થશે. પરંતુ તે વખતે તે લોકો એવું કહેતા હતા કે, અમો વિધિવિધાનમાં માનતા નથી. આવી જ રીતે ઘણાં લોકોએ સલાહ ઉપર ધ્યાન આપ્યું નહીં. અત્યારે તે લોકોની હાલત કંગાળ જેવી છે. શૅર બજારમાં એટલું દેવું થઈ ગયું છે કે બધું વેચવા છતાંય દેવું પૂરું થતું નથી.




ઘણાના ગ્રહોના કારણે ધંધામાં અત્યારે ઘણી મંદી છે. જેના કારણે આર્થિક મુશ્કેલીઓ આવે છે. અત્યારે ગ્રહોમાં ને વિધિમાં ન માનનારા પણ માનતા થઈ ગયા છે. પરંતુ આ બાબતે ખાસ કહેવાનું કે, જો ગમે એવી સસ્તી વિધિ ને યોગ્ય વિધિ ન થાય તો તેનું કોઈ જ ફળ મળતું નથી. આ માટે નંગ સારો હોવો જરૂરી છે... તથા વિધિ પણ સારી અને યોગ્ય થાય તો જ તેનું પરિણામ સારું મળે અને મુશ્કેલીમાંથી બચાવ થાય.

ગ્રહોના કારણે કેટલી મુશ્કેલી આવે છે તેનો દાખલો છે.

એક ભાઈને બે પુત્ર હતા અને તેઓ અભ્યાસમાં ખૂબ જ હોશિયાર હતા. દશમા ધોરણ સુધી ફર્સ્ટ ક્લાસ જ માર્ક લાવતા હતા. થોડાં વર્ષો પહેલાં તેઓ તેમના બંને પુત્રોની કુંડળી બતાવવા આવ્યા હતા. ત્યારે કીધું હતું કે, એક છોકરાને ગુરુ ધારણ કરાવો અને બીજાને ચંદ્રનું મોતી ધારણ કરાવો. નહીંતર આગળ જતાં અભ્યાસમાં મુશ્કેલી આવશે.

તો તે ભાઈએ કીધું કે, અત્યારે તો ખૂબ જ હોશિયાર છે અને મેં ઘણાને કુંડળી બતાવી... તેઓનું કહેવું છે કે ગ્રહો સારા છે... ઘણો સારો અભ્યાસ કરી શકશે. પરંતુ કોઈએ ગુરુ અને ચંદ્ર ધારણ કરવાની સલાહ આપી નથી. તો કીધું કે ભાઈ અમોને જે લાગ્યું તે કીધું... પછી તમારી જેવી ઈચ્છા. વાત ઉપર ખાસ ધ્યાન આપ્યું નહીં. બંને છોકરાઓ બારમા ધોરણમાં ખૂબ જ ઓછા ટકાએ પાસ થયા. આથી જે લાઈન લેવાની હતી તે લઈ શક્યા નહીં. પછી તેઓએ કીધું કે આપે જે કીધું હતું તેમ જ બન્યું. હવે તેમને ગુરુ ને ચંદ્ર ધારણ કરાવ્યા. પરંતુ હવે તેનો કોઈ અર્થ નથી!

ઘણી કુંડળીઓમાં કાલસર્પ યોગ, શનિ-ચંદ્રનો વિષયોગ તથા ગુરુ-રાહુનો જોઈને કહેવામાં આવ્યું કે, ગુરુ-રાહુનો ચાંડાલ યોગ હોય કે શનિ-ચંદ્રનો વિષયોગ હોય તો તેની વિધિ કરાવવાથી કોઈ જ ફેર પડતો નથી. તેના માટે જે ગ્રહ નડતો હોય તેનું નંગ ધારણ કરવામાં આવે તો જ ફેર પડશે. પરંતુ ઘણાં લોકો આની વિધિ કરાવે છે. પરંતુ નંગ ધારણ કરવામાં આવે તો જ પરિણામ સારું આવે છે. કાલસર્પ દોષ કે પિતૃ દોષની સમૂહમાં વિધિ કરાવવાથી કે નદી કિનારે વિધિ કરાવવાથી કોઈ જ ફેર પડતો નથી. અમો પહેલાં ઘણાને કુંડળી જોઈને સલાહ આપી હતી કે, શૅરબજારમાં કે સટ્ટાની લાઈનમાં પડવું નહીં. કારણ કે તમારા ગ્રહો મુજબ તેમાં તમારે લેણું નથી અને જેઓએ તે સલાહ માની છે તેઓને અત્યારે કોઈ જ તકલીફ નથી અને અત્યારે સુખી છે.

હમણાંનો જ એક તાજો જ દાખલો છે. એક ભાઈની પુત્રીની કુંડળીમાં કન્યા લગ્ન હતું. જેમાં શનિ હતો. સાતમે મીન રાશિનો સૂર્ય હતો. બારમે ગુરુ-રાહુ-મંગળ સિંહ રાશિમાં હતો. આ ભાઈને કીધું હતું કે, તમારી પુત્રીની કુંડળીમાં ગુરુ-રાહુનો ચાંડાલ યોગ છે. માટે ગુરુનો નંગ ધારણ કરાવો... તો સારું. નહીંતર લગ્નજીવનમાં મોટી મુશ્કેલી આવે તેવું લાગે છે. પરંતુ તેમની છોકરી ખૂબ જ હોશિયાર હતી. ટ્યુશન ક્લાસ ચલાવતી હતી અને સારી આવક હતી. તેઓએ અમારી વાત ધ્યાન પર લીધી નહીં. હમણાં જ તેમની પુત્રીએ એક યુવક સાથે ભાગી જઈ લગ્ન કર્યા... હવે જોવો ગ્રહો વ્યક્તિના જીવનમાં કેવો ભાગ ભજવે છે. જો ગુરુનું નંગ ધારણ કર્યું હોત તો કદાચ બચી જવાત. પરંતુ ગ્રહો ખરાબ હોય છે તો તે વખતે બુદ્ધિ કામ લાગતી નથી !!